C

# ચારરૂતર વિદ્યામંડળ સંચાલિત C

# વિઠ્ઠલભાઈ પટેલ એન્ડ રાજરત્ન પી. ટી. પટેલ સાયન્સ કોલેજ

# વલ્લભ વિદ્યાનગર

## લેબોરેટરી આસિસ્ટન્ટની લેખિત પરીક્ષા

**TIME: 120Min.** **DATE: 29/09/2024, SUNDAY** **TOTAL MARKS: 150**

**SEAT NO.** ______ **SUBJECT: BIOLOGY/BOTANY/ZOOLOGY**

---

**પ્રશ્ન. ૧** માયકોબાયોન્ટ અને ફાઈકોબાયોન્ટ વચ્ચેનો સહવાસ ____________ માં જોવા મળે છે.

A. માઈકોરાઈઝા B. મૂળ ગંડીકા

C. લાઈકેન્સ D. બ્લ્યુ -ગ્રીન-આલ્ગી (નીલરહિત લીલ)

**પ્રશ્ન. ૨** ભારતની સૌથી મોટી રામસર સાઇટ __________ છે.

A. નળ સરોવર B. સુંદરવન C. ભરતપુર D. બાંદીપુર

**પ્રશ્ન. 3** નગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી ને શું કહે છે?

A. કમિશ્નર B. નગર પ્રમુખ C. ચીફ ઓફિસર D. નગર અધિકારી

**પ્રશ્ન. ૪** 'કવિશ્વર'તરીકે ઓળખાતા કવિ....

A. દયારામ B. રા. વિ. પાઠક C. દલપતરામ D. નવલરામ

**પ્રશ્ન. ૫** સંધિપાદ માં શ્વસન કોના દ્વારા થાય છે?

A. શ્વાસનળી B. ઝાલર C. ફેફસાંપોથી D. બધા

**પ્રશ્ન. ૬** જનીનોને યજમાન સજીવમાં સ્થાનાંતરિત કરવા માટે નીચેનામાંથી કઈ પ્રક્રિયાનો ઉપયોગ બાયોટેકનોલોજીમાં થાય છે?

A. પીસીઆર (પોલિમરેઝ ચેઇન રિએક્શન) B. જેલ ઇલેક્ટ્રોફોરેસીસ

C. ક્લોનિંગ D. રીકોમ્બિનન્ટ ડીએનએ ટેકનોલોજી

**પ્રશ્ન. ૭** યૂરિયા ચક્ર______________ માટે જરૂરી છે.

A. કોષીય શ્વસન દરમિયાન ATP નું ઉત્પાદન

B. શરીરમાંથી એમોનિયાને યુરિયામાં રૂપાંતરિત કરીને દૂર કરવા

C. એમિનો એસિડનું સંશ્લેષણ

D. ફેટી એસિડનુ બ્રેકડાઉન

પ્રશ્ન. ૮ પેન્ટોઝ ફોસ્ફેટ પાથવે મુખ્યત્વે કયુ કાર્ય કરે છે?

A. NADPH અને રાઈબોઝ-5-ફોસ્ફેટ ઉત્પન્ન કરે

B. ગ્લુકોઝ ના ઓક્સિડેશન દ્વારા ATP ઉત્પન્ન કરે

C. ગ્લુકોઝ-6-ફોસ્ફેટને ફ્રુક્ટોઝ-6-ફોસ્ફેટમાં રૂપાંતરિત કરે

D. કણાભસુત્રમાં પાયરુવેટનું ઓક્સિડેશન કરે

પ્રશ્ન. ૯ ‘અનેકાનેક’ શબ્દની સંધિ છોડો.

A. અને+કાનેક B. અનેક+એક C. અને+અનેક D. અનેક+અનેક

પ્રશ્ન. ૧૦ સમગ્ર વિશ્વમાં ‘વન્યજીવ સપ્તાહ’ ની ઉજવણી ______ માસના પ્રથમ સપ્તાહ માં કરવામાં આવે છે?

A. જુન B. માર્ચ C. એપ્રિલ D. ઓકટોબર

પ્રશ્ન. ૧૧ પ્રાણીગર્ભમાં આવેલ ગર્ભસ્તર, જે ત્વચા અને ચેતાતંત્રનું નિર્માણ કરે છે:

A. બાહ્ય ગર્ભસ્તર B. મધ્ય ગર્ભસ્તર C. અંત: ગર્ભસ્તર D. બ્લાસ્ટોડર્મ

પ્રશ્ન. ૧૨ બાર જ્યોતિર્લિંગ પૈકી નું એક એવું સોમનાથ, પ્રભાસ પાટણ ધર્મ સ્થાન નીચે ના માંથી કયા જિલ્લામાં આવેલું છે.

A. અમરેલી B. જુનાગઢ C. રાજકોટ D. આપેલ પૈકી એકપણ નહીં.

પ્રશ્ન. ૧૩ DNA ના ચોક્કસ ખંડ ને in vitro વિસ્તૃત (amplify) કરવા માટે કઈ પ્રક્રિયા જવાબદાર છે?

A. Western blotting B. DNA replication

C. Polymerase chain reaction (PCR) D. Gel electrophoresis

પ્રશ્ન. ૧૪ 5 જુન કયા દિવસ તરીકે ઉજવાય છે?

A. વિશ્વ પર્યાવરણ દિવસ B. વિશ્વ વન્યજીવ દિવસ

C. વિશ્વ જળ સંરક્ષણ દિવસ D. વિશ્વ વાયુ દિવસ

પ્રશ્ન. ૧૫ પ્રચ્છન્ન X-સંલગ્ન રોગ ધરાવતી વાહક સ્ત્રી અને સ્વસ્થ પુરૂષ ની સંતતિ માં તેમના પુત્રને આ વિકૃતિ વારસામાં મળવાની સંભાવના કેટલી છે?

A. 100% B. 50% C. 25% D. 0%

પ્રશ્ન. ૧૬ દર વર્ષે ______ઓગસ્ટ ના રોજ વિશ્વ સિંહ દિવસ ની ઉજવણી કરવામાં આવે છે.

A. 20 B. 15 C. 10 D. 09

પ્રશ્ન. ૧૭ પ્રોટીન સંશ્લેષણ દરમિયાન કયા પ્રકારના RNA એમિનો એસિડનું રાઇબોઝોમ તરફ વહન કરે છે?

A. rRNA B. mRNA C. tRNA D. sRNA

પ્રશ્ન. ૧૮ પરાગરજનો વ્યાસ જણાવો.

A. 30-50 µm B. 25-50 µm C. 25-60 µm D. 30-60 µm

પ્રશ્ન. ૧૯ હાલમાં ભારત માં કેટલી ઉચ્ચ અદાલત (high court) આવેલી છે?

A. 20 B. 25 C. 30 D. 34

પ્રશ્ન. ૨૦ કયો પરમાણુ ગ્લાયકોલિસિસ અને પેન્ટોઝ ફોસ્ફેટ માર્ગ બંનેમાં મધ્યવર્તી (intermediate) છે?

A. ગ્લુકોઝ -6- ફોસ્ફેટ B. પાયરુવેટ

C. એસીટાઈલ -CoA D. ફ્રુકટોઝ -6- ફોસ્ફેટ

પ્રશ્ન. ૨૧ 100 વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ 40 છે. પાછળ થી ખબર પડી કે એક વિદ્યાર્થીના 63 ગુણ હતા પરંતુ ભૂલ થી 83 ધ્યાને લેવામાં આવ્યા હતા તો સાચા સરેરાશ ગુણ કેટલા હશે?

A. 39 B. 39.8 C.39.7 D. 39.9

પ્રશ્ન. ૨૨ અસ્થિ મજ્જામાં B કોષોના વિકાસ પછી, તેઓ માનવ શરીરના કયા ભાગમાં જાય છે?

A. બરોળ B. લીવર C. લસિકા ગાંઠો D. સ્વાદુપિંડ

પ્રશ્ન. ૨૩ પ્રત્યાંકન દરમિયાન, કયો ઉત્સેચક DNA ટેમ્પલેટમાંથી RNA નું સંશ્લેષણ કરે છે?

A. DNA polymerase B. RNA polymerase C. Helicase D. Ligase

પ્રશ્ન. ૨૪ તા.04/05/1995 ના ગુરુવાર હતો તો 09/09/2002 ના કયો વાર હશે?

A. રવિવાર B. મંગળવાર C. બુધવાર D. સોમવાર

પ્રશ્ન. ૨૫ નીચેના જોડકાં જોડી, સાચો વિકલ્પ પસંદ કરો :

| | |
|---|---|
| (A) વર્ધનશીલ | (i) પ્રકાશસંશ્લેષણ, સંગ્રહ |
| (B) મૃદુતક પેશી | (ii) યાંત્રિક આધાર |
| (C) સ્થૂલકોણક પેશી | (iii) સક્રિય વિભાજિત કોષો |
| (D) દઢોતક પેશી | (iv) વાયુરંધ્ર |
| (E) અધિસ્તરીય પેશી | (v) કઠકો |

A. (A) – (i), (B) – (ii), (C) – (v), (D) – (i), (E) – (iv)

B. (A) – (iii), (B) – (i), (C) – (ii), (D) – (v), (E) – (iv)

C. (A) – (ii), (B) – (iv), (C) – (v), (D) – (i), (E) – (iii)

D. (A) – (v), (B) – (iv), (C) – (iii), (D) – (ii), (E) – (i)

પ્રશ્ન. ૨૬ Which of the following is a conjunction?

A. With B. Because C. Therefore D. None of the above

પ્રશ્ન. ૨૭ માનવ જીનોમ પ્રોજેક્ટ વર્ષ _____ માં શરૂ થયો હતો અને ______ માં પૂર્ણ થયો હતો.

A. 1980, 2005 B. 1973, 2008 C. 1990, 2003 D. 1989, 2005

પ્રશ્ન. ૨૮ તાજેતરમાં ઓમકારેશ્વરમાં સ્થાપિત મધ્ય અને ઉત્તર ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પ્લાન્ટ કયા રાજ્યમાં આવેલો છે?

A. રાજસ્થાન B. મધ્યપ્રદેશ C. ઉત્તરપ્રદેશ D. હરિયાણા

પ્રશ્ન. ૨૯ સાઇટ્રિક એસિડ ચક્ર (ક્રેબ્સ ચક્ર) માં, આઇસોસાઇટ્રેટના આલ્ફા-કીટોગ્લુટેરેટમાં રૂપાંતર દરમિયાન__________ પ્રક્રિયા થાય છે.

A. ડીકાર્બોક્સિલેશન અને ATP નું ઉત્પાદન
B. $FADH_2$ અને $CO_2$ નું ઉત્પાદન
C. ડીકાર્બોક્સિલેશન અને NAD+ નો NADH માં ઘટાડો
D. Acetyl-CoA નું સાઇટ્રેટમાં ઓક્સિડેશન

પ્રશ્ન. 30 પ્રાણીઓમાં પ્રારંભિક ગર્ભ વિકાસનો સાચો ક્રમ શું છે?

A. ઝાયગોટ → મોરુલા → બ્લાસ્ટુલા → ગેસ્ટ્રુલા
B. ઝાયગોટ → ગેસ્ટ્રુલા → બ્લાસ્ટુલા → મોરુલા
C. ઝાયગોટ → બ્લાસ્ટુલા → મોરુલા → ગેસ્ટ્રુલા
D. મોરુલા → ઝાયગોટ → ગેસ્ટ્રુલા → બ્લાસ્ટુલા

પ્રશ્ન. 3૧ 'આગે આગે ગોરખ જાગે' કહેવત નો અર્થ શું થાય?

A. ગોરખનાથ આખી રાત જાગે
B. કાલની ચિંતા આજે ન કર
C. ગોરખનાથ આગળ જઈ ને જાગતા રહે
D. ગોરખનાથ આગળ જઈ આગ લગાવે

પ્રશ્ન. 3૨ દ્વિદળી ભ્રૂણમાં ભ્રૂણજનનની અવસ્થાઓ દર્શાવો.

A. યુગ્મનજ → પૂર્વભ્રૂણ → હૃદયાકાર → ગોળાકાર → પુખ્ત ભ્રૂણ.
B. યુગ્મનજ → પૂર્વભ્રૂણ → ગોળાકાર → હૃદયાકાર → પુખ્ત ભ્રૂણ.
C. યુગ્મનજ → હૃદયાકાર → પૂર્વભ્રૂણ → ગોળાકાર → પુખ્ત ભ્રૂણ.
D. યુગ્મનજ → હૃદયાકાર → ગોળાકાર → પૂર્વભ્રૂણ → પુખ્ત ભ્રૂણ.

પ્રશ્ન. 33 mRNA ટેમ્પલેટમાંથી પૂરક DNA (cDNA) ઉત્પન્ન કરવા માટે વપરાતો એન્ઝાઇમ_____ છે.

A. ડીએનએ પોલિમરેઝ
B. રિવર્સ ટ્રાન્સક્રિપ્ટેસ
C. ડીએનએ લિગેસ
D. પ્રતિબંધ એન્ઝાઇમ (Restriction enzyme)

પ્રશ્ન. 3૪ મનુષ્યોમાં, ABO રક્તજૂથ ..... નું ઉદાહરણ છે.

A. પ્રભાવિતા
B. અપૂર્ણ પ્રભાવિતા
C. પ્રચ્છન્ન પ્રભાવિતા
D. સહ પ્રભાવિતા

પ્રશ્ન. 3૫ એક હીરાના વેપારી પાસે સરખી કિંમતના 500 હીરા છે આ હીરાની કુલ કિંમત 5 કરોડ રૂપિયા છે. જો તેમાંથી 50 લાખ રૂપિયા ના હીરાની ચોરી થઈ જાય તો, તે વેપારી પાસે કેટલાં હીરા બાકી રહે?

A. 450
B. 425
C. 400
D. 350

પ્રશ્ન. 3૬ કોષરસપટલમાં ____________ જૈવિકઅણુ સૌથી વિપુલ પ્રમાણમાં આવેલો હોય છે.

A. પ્રોટીન્સ
B. ફોસ્ફોલિપિડ્સ
C. કાર્બોહાઇડ્રેટ્સ
D. ન્યુક્લિક એસિડ્સ

પ્રશ્ન. 3૭ The company's profit was low and they were forced to _________staff.

A. lips off
B. lay on
C. lay off
D. lie on

C

પ્રશ્ન. ૩૮ કયા દ્રવ્યને કારણે પરાગરજ અશ્મિ તરીકે પણ લાંબો સમય રહે છે?

A. લિગ્નીન B. પેક્ટિન C. સેલ્યુલોઝ D. સ્પોરોપોલેનીન

પ્રશ્ન. ૩૯ મહેશ ઉત્તર દિશામાં 8 કિમી. ચાલે છે ત્યારબાદ તે ડાબીબાજુ વળીને 3 કિમી. ચાલે છે અને ત્યારબાદ તે જમણી બાજુ વળીને 4 કિમી. જાય છે અને ત્યારબાદ તે ફરી જમણી બાજુ વળીને 3 કિમી. ચાલે છે. તો હવે મહેશ પોતાના ઉદગમ સ્થાન થી કેટલા કિમી દૂર હશે.?

A. 08 કિમી. B. 10 કિમી. C. 12 કિમી. D. 14 કિમી.

પ્રશ્ન. ૪૦ રોગપ્રતિકારક તંત્રના સિગ્નલિંગ અણુઓ(molecules) કોણ છે?

A. એન્ટિજન્સ B. કેમોકાઇન્સ C. સાયટોકાઇન્સ D. ટ્રાન્સમિટર્સ

પ્રશ્ન. ૪૧ નીચેનામાંથી કયા એમિનો એસિડને આવશ્યક (essential) માનવામાં આવે છે અને તે ખોરાકમાંથી મેળવવું જરૂરી છે?

A. ગ્લાયસીન B. લ્યુસીન C. ગ્લુટામાઇન D. પ્રોલાઇન

પ્રશ્ન. ૪૨ 'આગગાડી' સમાસ ઓળખાવો.

A. તત્પુરુષ B. મધ્યમપદલોપી C. ઉપપદ D. દ્વન્દ

પ્રશ્ન. ૪૩ ચણા અને વટાણા જેવી વનસ્પતિના પરિપક્વ બીજમાં ભ્રૂણપોષનો અભાવ હોય છે, કારણ કે...

A. આ આવૃત બીજધારી વનસ્પતિઓ નથી.

B. તેમાં બેવડું ફલન થતું નથી.

C. તેમાં ભ્રૂણપોષનું નિર્માણ થતું નથી.

D. બીજવિકાસ દરમિયાન, વિકાસ પામતા ભ્રૂણ દ્વારા ભ્રૂણપોષ વપરાઈ જાય છે.

પ્રશ્ન. ૪૪ _____ એ બાયોટેકનોલોજીનું ઉત્પાદન છે.

A. બેક્ટેરિયા B. ત્વચા C. રસી D. છોડ

પ્રશ્ન. ૪૫ નીચેનામાંથી કયુ વિટામિન કોએન્ઝાઇમ NAD+ નો પુરોગામી છે?

A. નિયાસિન (વિટામિન B3) B. થાઇમિન (વિટામિન B1)

C. રિબોફ્લેવિન (વિટામિન B2) D. પાયરિડોક્સિન (વિટામિન B6)

પ્રશ્ન. ૪૬ તાજેતરમાં ______ ને "અમેરીકન પ્રેસિડેન્ટ વોલન્ટિયર એવોર્ડ ૨૦૨૪" થી સન્માનિત કરવામાં આવેલ છે.

A. નરેન્દ્રભાઇ મોદી B. અજીત પવાર

C. આચાર્ય લોકેશ મુનિ D. ઉપરોક્ત માંથી એકપણ નહીં

પ્રશ્ન. ૪૭ Programmed Cell Death ની પ્રક્રિયા, કે જે પેશીઓ અને અંગો ને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, તે _________ તરીકે ઓળખાય છે.

A. Apoptosis (એપોપ્ટોસીસ) B. Necrosis (નેક્રોસીસ)

C. Differentiation(વિભેદન) D. Cleavage (વિખંડન)

પ્રશ્ન. ૪૮ ઉત્સેચક નું માઇકલિસ-મેન્ટેન અચળાક (Km) શું દર્શાવે છે?

A. ઉત્સેચક-ઉત્પ્રેરિત પ્રક્રિયાનો મહત્તમ વેગ

B. મહત્તમ અડધા પ્રક્રિયા વેગ પર પ્રક્રિયકની સાંદ્રતા

C. પ્રક્રિયક માટે ઉત્સેચકનું આકર્ષણ

D. ઉત્સેચક ટર્નઓવરનો દર

પ્રશ્ન. ૪૯ કઈ જ્ઞાતિઓ,જાતિઓને અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત જનજાતિઓ તરીકે જાહેર કરવી તે બંધારણીય અધિકાર નીચેના પૈકી કોનો છે?

A. ભારતના રાષ્ટ્રપતિનો    B. અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ આયોગનો

C. ભારતના વડા પ્રધાનનો    D. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ના મંત્રીનો

પ્રશ્ન. ૫૦ ઉચ્ચ કક્ષાની વનસ્પતિના મૂળ અને ફૂગ વચ્ચેના જોડાણ ને ...................... કહે છે.

A. લાઈકેન્સ    B. પીટ    C. માઈકોરાઈઝા    D. BGA (બ્લ્યુ-ગ્રીન- આલ્ગી)

પ્રશ્ન. ૫૧ 'મોરના ઈંડા ચીતરવા ન પડે' કહેવતનો સાચો અર્થ શું થાય છે?

A. મોરનું ઈંડું કાબર ચીતરૂં હોવાથી તેને ચીતરવાની જરૂર નથી.

B. મોરના ઈંડા ને ચીતરી શકાતા નથી.

C. માતા – પિતાના સંસ્કાર સંતાનમાં આપમેળે ઉતરે છે.

D. મોરનું ઈંડું અન્ય પક્ષીઓના ઈંડા કરતાં જુદું હોય છે તરતજ ઓળખાઈ જાય છે.

પ્રશ્ન. ૫૨ NEP 2020 નો હેતુ, ઉચ્ચ શિક્ષણ માં ગ્રોસ એનરોલેન્ટ રેશીઓ (Gross Enrolment Ratio) જે 2018 માં 26.3% હતો તેને વધારીને 2035 સુધીમાં _______ એ લઈ જવાનો છે.

A. 35%    B. 38%    C. 45%    D. 50%

પ્રશ્ન. ૫૩ નીચેનામાંથી કયું ઉત્પાદન આથા (Fermentation) ની ટેકનોલોજીથી મેળવેલ નથી?

A. કોફી    B. સોયા સોસ    C. સાર્વક્રાઉટ (Sauerkraut)    D. ચીઝ

પ્રશ્ન. ૫૪ તાજેતરમાં 01 એપ્રિલ 2024 ના રોજ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) નો ______ મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો.

A. 88    B. 92    C. 94    D. 90

પ્રશ્ન. ૫૫ Which of the following words is plural?

A. Index    B. Analysis    C. Crisis    D. Criteria

પ્રશ્ન. ૫૬ પક્સીનીયા દ્વારા _______________ રોગ થાય છે

A. ઘઉંમાં ગેરૂનો રોગ    B. ઘઉંમાં અંગારીઓ

C. શેરડીમાં રાતડો    D. રાઈ માં અર્ગટ

પ્રશ્ન. ૫૭ સસ્તન પ્રાણીઓના પ્રજનનમાં કોર્પસ લ્યુટિયમની ભૂમિકા શું છે?

A. ઓવ્યુલેશન પ્રક્રિયા શરૂ કરવી

B. પ્રારંભિક ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભાશયનું અસ્તર જાળવવા માટે પ્રોજેસ્ટેરોનનો સ્રાવ કરવો

C. ફોલિક્યુલર તબક્કા દરમિયાન એસ્ટ્રોજન ઉત્પન્ન કરવો

D. અંડાશયમાંથી અંડકોષ મુક્ત કરવા

પ્રશ્ન. ૫૮ બીજમાં ભ્રૂણ વક્રમુખી હોય તે ......................શ્રેણીની લાક્ષણીકતા છે.

A. બાયકાર્પેલીટી B. ઇન્ફીરી C. કેલેસીફ્લોરી D. કર્વેમ્બ્રી

પ્રશ્ન. ૫૯ 'કરવા ગયા કંસાર અને થઈ ગઈ થૂલી' કહેવત નો ભાવાર્થ

A. કંસાર કરવા જતા અનાયાસે થૂલી થઈ ગઈ

B. કંસારા બજારમાં જઈને થૂલી લઈ આવ્યા

C. કંસારાઓ સારી થૂલી બનાવી શકે છે

D. ઈચ્છેલું પરિણામ ન મળ્યુ

પ્રશ્ન. ૬૦ પ્લાઝમિડ ડીએનએ(Plasmid DNA) તેની સાથે જોડાયેલા ડીએનએના ટુકડાને યજમાન સજીવમાં સ્થાનાંતરિત કરવા માટે ___________ તરીકે કાર્ય કરે છે.

A. પ્રોટીન B. વેક્ટર C. વાહક (carrier) D. એન્ટિબોડી

પ્રશ્ન. ૬૧ હાલમાં ___________ એ T20 ક્રિકેટ માં વિકેટ કીપર તરીકે ૩૦૦(૨૧૩ કેચ અને ૮૭ સ્ટમ્પિંગ )આઉટ કરવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

A. એમ. એસ. ધોની B. કામરાન અકમલ C. ક્વિન્ટન ડી. કોક D. જોસ બટલર

પ્રશ્ન. ૬૨ પરિસ્થિતિવિદ્યા (Ecology) માં "કીસ્ટોન પ્રજાતિઓ (Keystone Species)" એટલે....

A. એવી પ્રજાતિ જે ઇકોસિસ્ટમમાં સૌથી વિપુલ પ્રમાણમાં હોય છે.

B. એવી પ્રજાતિ કે જે ઇકોસિસ્ટમની રચના અને કામગીરી પર અપ્રમાણસર રીતે મોટી અસર કરે છે.

C. ઇકોસિસ્ટમમાં શરીરનું સૌથી મોટું કદ ધરાવતી પ્રજાતિઓ.

D. એક શિકારી જે તેના શિકારની વસ્તીના કદને નિયંત્રિત કરે છે.

પ્રશ્ન. ૬૩ જ્યારે વનસ્પતિ પેશી અભિરંજિત કરી જોતાં, કોષોની કોષદીવાલમાં હેમીસેલ્યુલોઝ અને પેક્ટિન હાજર જોવા મળે છે, તો આ પેશી _________ હશે.

A. સ્થૂલકોણક પેશી B. દઢોતક પેશી C. જલવાહક પેશી D. વર્ધનશીલ પેશી

પ્રશ્ન. ૬૪ જનીન ઇજનેરીવિદ્યામાં ઉપયોગમાં લેવાતા સામાન્ય બેક્ટેરિયા _________ છે.

A. એસ. ટાયફી (S. typhi) બ. ઇ. કોલી

C. રાઈઝોબિયમ D. એસ. ઓરેયસ

પ્રશ્ન. ૬૫ ગુજરાત રાજ્ય માં ધારાસભાની કેટલી બેઠકો આવેલી છે?

A. 162 B. 172 C. 182 D. 192

પ્રશ્ન. ૬૬ કીડીઓ અને મધમાખીઓ જેવા સામાજિક (Eusocial) જીવોની લાક્ષણિકતા કઈ છે?

A. ખોરાક અને પ્રજનનમાં વ્યક્તિગત સ્વાયત્તતા.

B. વિશિષ્ટ પ્રજનન અને બિન-પ્રજનન જાતિઓ અને તેમની વચ્ચે શ્રમનું વિભાજન.

C. વસાહતના તમામ સભ્યો તરફથી પ્રજનન માટે સમાન યોગદાન.

D. વ્યક્તિઓ વચ્ચે કોઈ સહકાર વિના એકાકી જીવન.

પ્રશ્ન. ૬૭ ELISA એ ________.

A. રેડિયોલેબલ કરેલ બીજા એન્ટિબોડીનો ઉપયોગ છે.

B. આરબીસી (RBCs)નો ઉપયોગ છે.

C. પૂરક-મધ્યસ્થી(complement-mediated) કોષોના લાયસીસનો ઉપયોગ છે.

D. સબસ્ટ્રેટનો ઉમેરો કરવામાં આવે જે અંતે રંગીન ઉત્પાદનમાં રૂપાંતરિત થાય છે.

પ્રશ્ન. ૬૮ અક્ષવર્તી જરાયુવિન્યાસ કઈ વનસ્પતિમાં જોવા મળે છે.

A. લીંબુ B. વટાણા C. રાઈ D. સુર્યમુખી

પ્રશ્ન. ૬૯ While I agree ______his proposal this time, I do not often agree ______ him.

A. to, with B. with, to C. with, with D. to, to

પ્રશ્ન. ૭૦ 'લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું – લોકકંઠે જીવતું સાહિત્ય' – એવું કોણે કહ્યું છે?

A. ઉમાશંકર જોશી B. દલપતરામ C. ઝવેરચંદ મેઘાણી D. ચીનુભાઈ મોદી

પ્રશ્ન. ૭૧ ક્લોરોફિલના બંધારણમાં કયુ ધાતુ આયન આવેલ છે?

A. આયર્ન B. કોપર C. મેગ્નેશિયમ D. ઝીંક

પ્રશ્ન. ૭૨ માધવપુરમાં માધવરાય નું પ્રખ્યાત મંદિર જ્યાં શ્રી કૃષ્ણ ભગવાને રુક્ષ્મણી સાથે લગ્ન કરેલ તે કયા જિલ્લામાં આવેલ છે?

A. પોરબંદર B. જુનાગઢ C. રાજકોટ D. જામનગર

પ્રશ્ન. ૭૩ 'કેતકીના સોટાની જેમ રજપૂતાણી ટટ્ટાર થઈ' – આ વાક્યમાં કયો અલંકાર વપરાયો છે?

A. અંત્યાનુપ્રાસ અલંકાર B. રૂપક અલંકાર C. ઉપમા અલંકાર D. શ્લેષ અલંકાર

પ્રશ્ન. ૭૪ પૃષ્ઠવંશી પ્રાણીઓનો ક્યો વર્ગ એમ્નિઓટિક (Amniotic) ઇંડા મૂકે છે, અને પાણીથી દૂર પ્રજનન કરવાની ક્ષમતા આપે છે?

A. ઉભયજીવી B. કાસ્થિમત્સ્ય C. સરિસૃપ D. અસ્થિમત્સ્ય

પ્રશ્ન. ૭૫ નીચે ના પૈકી ઓપરેટિંગ સિસ્ટમ કઈ છે?

A. માઇક્રો સોફ્ટ ઓફિસ B. ગૂગલ ક્રોમ C. વિન્ડોઝ 10 D. એડોબ ફોટોશોપ

# C

પ્રશ્ન. ૭૬ વિહગ પ્રજાતિઓમાં, શ્વસનતંત્ર ______ જેના કારણે અત્યંત કાર્યક્ષમ છે.

A. વાતાશયો ની હાજરી કે જે ફેફસાંમાંથી સતત હવાનો પ્રવાહ પૂરો પાડે છે

B. ઉરોદરપટલ, જે સસ્તન પ્રાણીઓની જેમ સંકોચાય છે અને વિસ્તરે છે

C. ત્વચા દ્વારા ઓક્સિજન શોષવાની ક્ષમતા ધરાવે

D. સસ્તન પ્રાણીઓ જેમ બેવડુ રુધિરાભિસરણ તંત્ર ધરાવે

પ્રશ્ન. ૭૭ ______ નામના વિજ્ઞાનિક દ્વારા પીસીઆર ટેકનિકની શોધ કરવામાં આવી હતી.

A. કેરી મુલિસ B. બોયર C. સેંગર D. કોહ્ ન

પ્રશ્ન. ૭૮ 5000 થી વધુ 15000 સુધી ની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત પ્રથમ વખત મહિલા સમરસ બને તો સરકાર તરફથી કેટલું અનુદાન મળે છે?

A. 3 લાખ B. 5 લાખ C. 7 લાખ D. 10 લાખ

પ્રશ્ન. ૭૯ કૂવડ – શબ્દ નો વિરુદ્ધાર્થી શબ્દ વિકલ્પમાંથી પસંદ કરો.

A. ગંદકી B. સ્વસ્થ C. સુઘડ D. બેડોળ

પ્રશ્ન. ૮૦ ATP માંથી cAMP ના સંશ્લેષણ માટે જવાબદાર ઉત્સેચક .... છે.

A. પ્રોટીન કાયનેઝ A B. એડીનીલેટ સાયક્લેઝ

C. ફોસ્ફોડાઈએસ્ટેરેઝ D. એટીપી સિન્થેઝ

પ્રશ્ન. ૮૧ The bacteria in milk are destroyed when it ________ heated to 80 degree Celsius.

A. would be B. will be C. is D. was

પ્રશ્ન. ૮૨ પ્રકાશ સંશ્લેષણ દરમિયાન PS-IIમાં ATP નિર્માણ માટેની ઊર્જા ______ માંથી પ્રાપ્ત થાય છે.

A. પ્રોટોન ઢોળાંશમાંથી B. ઈલેક્ટ્રોન ઢોળાંશમાંથી

C. ગ્લુકોઝનું રીડક્શન થવાથી D. ગ્લુકોઝનું ઑક્સિડેશન થવાથી

પ્રશ્ન. ૮૩ બતકચાંચ (Platypus) જેવા પ્રાણીની પ્રજનન પ્રક્રિયા માટે શું સાચું છે?

A. મોટાભાગના સસ્તન પ્રાણીઓની જેમ બચ્ચાને જન્મ આપે છે.

B. ઇંડા મૂકે છે, જેને પછી માતાના શરીરની બહાર સેવન કરવામાં આવે છે

C. પાર્થેનોજેનેસિસ દ્વારા પ્રજનન કરે, ગર્ભાધાનની જરૂર નથી

D. લાંબી આંતરિક સગર્ભાવસ્થા બાદ બચ્ચાને જન્મ આપે.

પ્રશ્ન. ૮૪ 'વિશ્વશાંતિ' નામનું ખંડ-કાવ્ય કયા કવિ ની રચના છે?

A. રાજેન્દ્ર શુક્લ B. ઉમાશંકર જોશી C. દયારામ D. નરસિંહ મહેતા

પ્રશ્ન. ૮૫ 'આધાર નામ નો સંબંધ શાની સાથે છે?

A. UIDAI B. UDIAI C. UIDAE D. UAIDI

પ્રશ્ન. ૮૬ રીસ્ટ્રીકશન (Restriction) ઉત્સેચકો મુખ્યત્વે શા માટે વપરાય છે?

A. RNA માંથી DNA નું સંશ્લેષણ

B. DNA ને ચોક્કસ સ્થાન પરથી કાપવા, જેનો ઉપયોગ genetic engineering અને ક્લોનિંગમાં થાય છે

C. DNA replication દરમિયાન ન્યુક્લિયોટાઇડ્સ જોડવા

D. પ્રત્યાંકન માટે DNA ની બેવડી શ્રૃંખલાને ખોલવા

પ્રશ્ન. ૮૭ પેરિસ ઓલિમ્પિક – 2024 ના સમાપન સમારોહ માટે ભારત ના ધ્વજ વાહક તરીકે ______ હતા.

A. બજરંગ પુનિયા B. નીરજ ચોપડા C. વીનેશ ફોગાટ D. મનુ ભાકર

પ્રશ્ન. ૮૮ $CO_2$ સ્થાપનની ક્રિયા માટે જવાબદાર ઉત્સચકો, ઉત્સેચક ........................ છે.

A. RuBp કાર્બોક્ઝાયલેઝ અને PGA સીન્થટેઝ B. PEP કાર્બોક્ઝાયલેઝ

C. PEP કાર્બોક્ઝાયલેઝ અને RuBP કાર્બોક્ઝાયલેઝ D. PGA સીન્થટેઝ

પ્રશ્ન. ૮૯ 'ઓખાહરણ', 'કુંવરબાઈનું મામેરું', 'નળઆખ્યાન' જેવા આખ્યાન આપનાર આખ્યાનકાર નું નામ શું હતું?

A. દયારામ B. દલપતરામ C. નરસિંહ મહેતા D. પ્રેમાનંદ

પ્રશ્ન. ૯૦ કયો અંત:સ્રાવ મનુષ્યમાં circadian rhythm ને નિયંત્રિત કરે છે?

A. ઇન્સ્યુલિન B. એડ્રેનાલિન C. મેલાટોનિન D. ઓક્સીટોસિન

પ્રશ્ન. ૯૧ પ્રથમ ઉત્પાદિત થયેલ ટ્રાન્સજેનિક પ્લાન્ટ ________ છે.

A. રીંગણ B. તમાકુ C. ચોખા D. કપાસ

પ્રશ્ન. ૯૨ She ____________ her husband for 15 minutes.

A. is beating B. has been beating

C. has been beaten D. beats

પ્રશ્ન. ૯૩ વનસ્પતિના હવાઈ અંગો દ્વારા પ્રવાહી સ્વરૂપે પાણી ગુમાવવાની ક્રિયાને __________ કહે છે.

A. બાષ્પોત્સર્જન B. બિંદુત્સવેદન C. જલક્ષમતા D. આપેલ તમામ

પ્રશ્ન. ૯૪ સ્થળાંતર કરનારા પક્ષીઓ અને રમતવીરો (એથ્લેટ્સ)ના સ્નાયુઓમાં લાલ રંગની વિપુલતા____________ ને કારણે છે.

A. માયોગ્લોબિન, જે સતત જારક પ્રવૃત્તિ માટે ઓક્સિજનનો સંગ્રહ કરે છે

B. હિમોગ્લોબિન, જે રુધિરપ્રવાહમાં ઓક્સિજનનું વહન કરે છે

C. એક્ટિન, જે સ્નાયુકોષો ને માળખાકીય આધાર પૂરો પાડે છે

D. લેક્ટિક એસિડ, જે અજારક શ્વસન દરમિયાન એકઠુ થાય છે

પ્રશ્ન. ૯૫ ગોલ્ડન રાઇસ(ચોખા)ની જાતિ ________ થી સમૃદ્ધ છે

A. વિટામિન સી B. લાયસીન C. બાયોટિન (D.) β-કેરોટીન અને વિટામિન એ.

પ્રશ્ન. ૯૬ સસ્તન પ્રાણીઓ દ્વારા ઉત્સર્જિત પ્રાથમિક નાઇટ્રોજનયુક્ત ઉત્સર્ગ દ્રવ્ય________ છે.

A. એમોનિયા (B.) યુરિયા C. યુરિક એસિડ D. ક્રિએટાઇન

પ્રશ્ન. ૯૭ તાજેતરમાં ______ વિશ્વ માં ચોથા નંબરનો સૌથી મોટું લશ્કરી ખર્ચ કરનાર દેશ બન્યો છે.

A. અફઘાનિસ્તાન B. પાકિસ્તાન (C.) ભારત D. ચીન

પ્રશ્ન. ૯૮ 'સરંગટ' શબ્દ નો અર્થ જણાવો.

(A.) ઘૂંઘટવાળી B. શ્યામવર્ણ વાળી C. મિથ્યાભિમાની D. તાબે થયેલ

પ્રશ્ન. ૯૯ નીચેના માંથી કયો અંતઃસ્ત્રાવ કસમયના પર્ણપતન અને ફળપતનની ક્રિયાને અટકાવે છે, પરંતુ જીર્ણ પર્ણ કે પાકેલા ફળના પતનને પ્રેરે છે.

(A.) ઓક્ઝિન્સ B. જીબરેલીન C. સાયટોકાઈનીન D. ઇથિલીન

પ્રશ્ન. ૧૦૦ The package arrived ________ the expected delivery date.

A. on B. in (C.) before D. at

પ્રશ્ન. ૧૦૧ ગ્લાયકોલિસીસ દરમિયાન સર્જાતો પાયરૂવિક એસિડ ઘણા બધા ચયાપચયિક પથમાં જાય છે. જારક પરિસ્થિતિમાં તે શેનું નિર્માણ કરે છે ?

A. લેક્ટીક એસિડ B. $CO_2$ + $H_2O$ (C.) Acetyl Co-A + $CO_2$ D. ઇથેનોલ + $CO_2$

પ્રશ્ન. ૧૦૨ ઉચ્ચ સજીવોમાં ક્લોનિંગ માટે વેક્ટર તરીકે__________ વપરાય છે

A. રાઇઝોપસ નિગ્રીકન્સ B. બેક્યુલોવાયરસ

C. સાલ્મોનેલા ટાઇફીમુરિયમ (D.) રેટ્રોવાયરસ

પ્રશ્ન. ૧૦૩ તાજેતરમાં ________ ને ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર "કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી" થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

(A.) દ્રૌપદી મુર્મુ B. નરેન્દ્ર મોદી C. એસ. જયશંકર D. રાહુલ ગાંધી

પ્રશ્ન. ૧૦૪ છંદ ઓળખાવો : ' હા ! પસ્તાવો ! વિપુલ ઝરણું સ્વર્ગ થી ઉતર્યું છે '

A. અનુષ્ટુપ (B.) મંદાક્રાંતા C. પૃથ્વી D. હરિગીત

પ્રશ્ન. ૧૦૫ __________ ને પીટ મોસ તરીકે ઓળખવામાં આવે છે.

A. માર્કેન્શિયા (B.) સ્ફેગનમ C. એન્થોસીરોસ D. રીક્સીયા

પ્રશ્ન. ૧૦૬ તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પોલેન્ડ અને _______ દેશ ની ત્રણ દિવસની મુલાકાતે ગયેલ.

A. અમેરિકા B. ફ્રાંસ C. જર્મની (D.) યુક્રેન

પ્રશ્ન. ૧૦૭ સમાન રચનાઓ (Analogous Structures)ની હાજરી, જેમ કે પક્ષીઓ અને જંતુઓની પાંખો, એ ________ નું પરિણામ છે.

A. ભિન્ન (Divergent) ઉત્ક્રાંતિ

B. Convergent ઉત્ક્રાંતિ, જ્યાં અસંબંધિત પ્રજાતિઓ સમાન પર્યાવરણીય દબાણને કારણે સમાન લક્ષણો વિકસિત કરે છે

C. જાતિઓમાં જનીનિક ડ્રિફ્ટ ને કારણે થતાં રેંડમ ફેરફાર

D. સમાન પૂર્વજ પાસેથી મળેલ આનુવંશિક લક્ષણો

પ્રશ્ન. ૧૦૮ I can't believe ________ my keys at home.

A. I forget   B. I forgot   C. I have forgotten   D. I've forget

પ્રશ્ન. ૧૦૯ શુક્રાણુમાં આવેલ એક્રોસોમલ એન્ઝાઇમની ભૂમિકા શું છે?

A. શુક્રકોષને પૂંછડીના હલનચલન માટે ઊર્જા પ્રદાન કરવી

B. અંડકોષ ના બાહ્ય રક્ષણાત્મક સ્તરોને તોડી, શુક્રકોષના પ્રવેશને સરળ બનાવવો

C. શુક્રકોષ અને અંડકોષ ના કોષકેંદ્રના ફ્યુઝનને સરળ બનાવવો

D. ગર્ભાધાન દરમિયાન શુક્રકોષની ગતિશીલતામાં વધારો કરવો

પ્રશ્ન. ૧૧૦ પ્રાણીના દૈહિક (સોમેટિક) કોષોમાંથી સંપૂર્ણ પ્રાણીઓના ઉત્પાદનને_____ કહેવામાં આવે છે.

A. જનીન ક્લોનિંગ   B. પ્રાણીઓનું ક્લોનિંગ   C. સેલ ક્લોનિંગ   D. આ બધા

પ્રશ્ન. ૧૧૧ રણવાસી પ્રાણીઓમાં ________ ઉત્સર્જન દરમિયાન પાણી ના ન્યુનત્તમ ત્યાગ દ્વારા થર્મોરેગ્યુલેશનમાં મદદ કરે છે.

A. મુત્રપિંડ માં ઉત્સર્ગ એકમ ની સંખ્યામાં ઘટાડો

B. લાંબા હેનલેના પાશ દ્વારા ઉત્પાદિત સંકેંદ્રિત પેશાબ

C. પાણીના શોષણ માટે ઝાલરો ની હાજરી

D. ત્વચા કે જે હવામાંથી ભેજને સક્રિય રીતે શોષી લે છે

પ્રશ્ન. ૧૧૨ કમ્પ્યુટર માં RAM નું પ્રાથમિક કાર્ય શું છે?

A. ડેટા નો કાયમી સંગ્રહ કરવો   B.ડેટા ને પ્રોસેસ કરવા

C. ડેટા નો ટૂંકા સમય માટે સંગ્રહ કરવો   D. હાર્ડવેર ડિવાઇસ ને જોડાણ પૂરું પાડવું

પ્રશ્ન. ૧૧૩ સરળ અને કંકાલ સ્નાયુ વચ્ચેનો પ્રાથમિક તફાવત શું છે?

A. સરળ સ્નાયુ રેખિત છે, જ્યારે કંકાલ સ્નાયુ અરેખિત છે

B. કંકાલ સ્નાયુઓનું સંકોચન સરળ સ્નાયુ કરતાં ખુબ ધીમેથી થાય છે

C. કંકાલ સ્નાયુ સ્વૈચ્છિક નિયંત્રણ હેઠળ છે, જ્યારે સરળ સ્નાયુ અનૈચ્છિક છે

D. સરળ સ્નાયુ, કંકાલ સ્નાયુ કરતાં વધુ બળપૂર્વક સંકુચિત થઈ શકે છે

C

પ્રશ્ન. ૧૧૪ નીચેનામાંથી કયા શબ્દ ની જોડણી સાચી છે?

A. અતિરીકત B. અદ્ ભૂત C. દિક્ષીત D. મોંસૂઝણું

પ્રશ્ન. ૧૧૫ કિટકો માં __________ પ્રકારનું રુધિરાભિસરણ તંત્ર જોવા મળે છે.

A. ખુલ્લા B. બંધ C. સિંગલ સર્કિટ D. એક પણ નહિ

પ્રશ્ન. ૧૧૬ પીળી કરેણ, સપ્તપર્ણી અને બારમાસી નો સમાવેશ ...................કુળમાં થાય છે.

A. માલ્વેસી B. યુફોરબીએસી C. એપોસાયનેસી D. ટીલીએસી

પ્રશ્ન. ૧૧૭ પ્રાણીકોષ સંવર્ધન (કલ્ચર) માંથી વિકસાવવામાં આવેલી પ્રથમ રસી________ હતી.

A. હેપેટાઇટિસ B ની રસી

B. ઈન્ફલ્યુએન્ઝા ની રસી

C. સ્મોલ પોક્સ ની રસી

D. પોલિયો ની રસી

પ્રશ્ન. ૧૧૮ રૂઢિપ્રયોગનો અર્થ લખો: કોઠી ધોઈને કાદવ કાઢવો.

A. કોઠી સાફ કરવી

B. કામમાં સફળતા મળવી

C. ચોંટેલો કાદવ કાઢવો

D. નકામા કામમાં વ્યર્થ મહેનત કરવી

પ્રશ્ન. ૧૧૯ પ્રજનનનો પ્રકાર કે જ્યાં અફલિત ઇંડામાંથી સંતતિનો વિકાસ થાય છે:

A. લિંગી પ્રજનન B. દ્વિભાજન C. અસંયોગીજનન (પાર્થેનોજેનેસિસ) D. ખંડન

પ્રશ્ન. ૧૨૦ તાજેતરમાં ________________ નેટ શૂન્ય કાર્બન ઉત્સર્જન નો દરજ્જો પ્રાપ્ત કરનાર ભારત નું પ્રથમ એરપોર્ટ બન્યું છે.

A. છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ

B. જયપુર ઇન્ટરનેશનલ એરપોર્ટ

C. ઈન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ

D. ચેન્નાઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ

પ્રશ્ન. ૧૨૧ I'll call you _________ I arrive at the airport.

A. while B. since C. when D. during

પ્રશ્ન. ૧૨૨ નીચેના પૈકી ક્યુ ફળ પ્રાવર ફળ છે?

A. કેરી B. નાળીયેર C. કપાસ D. કાકડી

પ્રશ્ન. ૧૨૩ સંયોજક પેશીઓમાં જોવા મળતું મુખ્ય પ્રોટીન__________ છે.

A. માયોસિન B. કોલેજન C. કેરાટિન D. ઇલાસ્ટિન

પ્રશ્ન. ૧૨૪ ____________ વનસ્પતિમાં જન્યુજનક મુખ્ય અવસ્થા હોય છે.

A. ત્રિઅંગી B. દ્વિઅંગી C. આવૃત બીજધારી D. અનાવૃત બીજધારી

પ્રશ્ન. ૧૨૫ ચતુષ્ખંડી હૃદય કયા વર્ગનું લક્ષણ છે?

A. ઉભયજીવી B. સરિસૃપ C. વિહગ D. અસ્થિમત્સ્ય

પ્રશ્ન. ૧૨૬ 'લોહીની સગાઈ' કયા પ્રકારની રચના છે?

A. નવલિકા B. નાટક C. કાવ્ય D. નવલકથા

પ્રશ્ન. ૧૨૭ હર્બેરિયમ શીટનું માપ ______________ છે.

A. 16.5 inches by 20.5 inches B. 12.5 inches by 15.5 inches

C. 11.5 inches by 17.5 inches D. 11.5 inches by 16.5 inches

પ્રશ્ન. ૧૨૮ મગજનો કયો ભાગ સંતુલન અને સંકલનનું નિયમન કરે છે?

A. બૃહદમસ્તિષ્ક (Cerebrum) B. અનુમસ્તિષ્ક (Cerebellum)

C. લમ્બ મજ્જા (Medulla oblongata) D. થેલેમસ

પ્રશ્ન. ૧૨૯ નીચેનામાંથી કયો કોષ ફેગોસાયટોસિસ(ભક્ષણ) માટે સક્ષમ છે?

A. ન્યુટ્રોફિલ B. બેસોફિલ C. લિમ્ફોસાઇટ D. ઇઓસિનોફિલ

પ્રશ્ન. ૧૩૦ પક્ષીઓમાં જૂના પીંછા ઉતારવાની પ્રક્રિયાને __________ કહેવામાં આવે છે.

A. Molting (મોલ્ટીંગ) B. Spawning (સ્પાવનીંગ)

C. Ecdysis (એકડાઈસીસ) D. Metamorphosis (મેટા મોરફોસીસ)

પ્રશ્ન. ૧૩૧ રિવર્સ આસૃતિ માટે નીચેના પૈકી કયું વિધાન અસંગત છે ?

A. તેનો ઉપયોગ પાણીના શુદ્ધિકરણ માટે થાય છે.

B. આ પદ્ધતિમાં, તંત્રમાં આસૃતિ દબાણનું મૂલ્ય દબાણ ક્ષમતાની સાપેક્ષમાં વધુ હોય છે. / આપવામાં આવે છે.

C. તે એક પ્રકારનું નિષ્ક્રિય વહન છે.

D. તે એક પ્રકારનું સક્રિય વહન છે.

પ્રશ્ન. ૧૩૨ નીચેનામાંથી કઈ પ્રજાતિઓ પ્રતિબંધ સુધારણા પ્રણાલી(restriction modification system) તરીકે ઓળખાતી સંરક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરે છે?

A. વાયરસ B. બેક્ટેરિયા C. છોડ (Plants) D. ફૂગ

પ્રશ્ન. ૧૩૩ CPU નું પૂરું નામ શું છે?

A. સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ B. સેન્ટ્રલ પ્રોગ્રામિંગ યુનિટ

C. કમ્પ્યુટર પ્રોસેસિંગ યુનિટ D. કોર પ્રોસેસિંગ યુનિટ

પ્રશ્ન. ૧૩૪ કઇ કોષીય અંગિકા ને "કોષનું પાવરહાઉસ" તરીકે ઓળખવામાં આવે છે?

A. કણાભસૂત્ર B. ગોલ્ગીકાય C. લાયસોઝોમ D. કોષકેંદ્ર

પ્રશ્ન. ૧૩૫ The concert was _________ that we couldn't hear the music.

A. too loud B. so loud C. very loud D. quite loud

પ્રશ્ન. ૧૩૬ નીચેનામાંથી કઈ વનસ્પતિનો રેસાઓ તરીકે ઉપયોગ થાય છે.

A. *Cocos nucifera* B. Gossypium C. Corchorus D. આપેલ તમામ

પ્રશ્ન. ૧૩૭ પૃથુકૃમિ પ્રાણીઓમાં ઉત્સર્જન અંગ કયુ છે?

A. જ્યોત કોષ B. આશ્યક C. ઉત્સર્ગીકા D. હરિત પિંડ

પ્રશ્ન. ૧૩૮ કવિ નર્મદને 'વિર નર્મદ' નું બિરુદ કેમ મળ્યું છે?

A. મુંબઈની શાળામાં શિક્ષક બન્યા તેથી

B. સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો તેથી

C. રૂઢિવાદ સામે ઝઝૂમવાની આગેવાની લીધી તેથી

D. સ્ત્રી કેળવણી ના લાભ દર્શાવ્યા તેથી

પ્રશ્ન. ૧૩૯ તાજેતરમાં પેરાલમ્પિક -2024 નું આયોજન કયા દેશમાં કરવામાં આવેલ?

A. અમેરિકા B. ફ્રાંસ C. જર્મની D. પોલેન્ડ

પ્રશ્ન. ૧૪૦ નીચેનામાંથી કયા કોષો જન્મજાત રોગપ્રતિકારક પ્રતિક્રિયા(innate immune responses)ઓ તેમજ અનુકૂલનશીલ રોગપ્રતિકારક પ્રતિક્રિયા(adaptive immune responses)ઓમાં સામેલ છે?

A. ન્યુટ્રોફિલ્સ B. મેક્રોફેજેસ C. નેચરલ કિલર કોષો D. ડેન્ડ્રીટિક કોષો

પ્રશ્ન. ૧૪૧ આઇકલરે વનસ્પતિ સૃષ્ટિ ને કેટલા જુથમાં વર્ગીકૃત કરી છે?

A. બે B. ત્રણ C. ચાર D. પાંચ

પ્રશ્ન. ૧૪૨ 'સોક્રેટિસ' નવલકથા કયા કર્તાની કૃતિ છે?

A. દલપતરામ B. દર્શક C. પન્નાલાલ પટેલ D. કાન્ત

પ્રશ્ન. ૧૪૩ પાંચ સૃષ્ટિ વર્ગીકરણ કયા વૈજ્ઞાનિકે રજૂ કર્યું?

A. થીઓફ્રેસ્ટસ B. આઈકલર C. આર. એચ. વ્હિટેકર D. લીનીયસ

પ્રશ્ન. ૧૪૪ ટી (T) સેલ ક્લોન બનાવવા માટે ટી(T) કોષોની અંદર કઈ પદ્ધતિ થાય છે?

A. હકારાત્મક(પોઝીટીવ) પસંદગી B. નકારાત્મક(નેગેટિવ) પસંદગી

C. સોમેટિક(દૈહિક) રિકોમ્બિનેશન D. થાઇમિક વિકાસ

પ્રશ્ન. ૧૪૫ પક્ષીઓમાં કયા અંગનો અભાવ હોય છે?

A. ફેફસા B. મૂત્રપિંડ C. મૂત્રાશય D. હૃદય

પ્રશ્ન. ૧૪૬ 'ઈચ્છા પ્રમાણે ફળ આપતું વૃક્ષ' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

A. કલ્પવૃક્ષ B. બોધિવૃક્ષ C. પારિજાતનું વૃક્ષ D. અશોક વૃક્ષ

પ્રશ્ન. ૧૪૭ નીચે આપેલ પૈકી કઈ વનસ્પતિ ભારતમાં દાખલ કરવામાં આવેલ વિદેશી જાતિ નથી?

A. લેન્ટના B. સાયનોડોન C. પાર્થેનિયમ D. આઇકોર્નિઆ

પ્રશ્ન. ૧૪૮ પ્રદેહ એટલે ______________

A. સુકાયના વિકાસ પહેલાં ત્રિઅંગીમાં ઉત્પન્ન થતી રચના.

B. બીજાણુજનક મુક્તજીવી રચના ત્રિઅંગીમાં જોવા મળે.

C. ત્રિઅંગીમાં જોવા મળતી જન્યુજનક મુક્તજીવી રચના.

D. ત્રિઅંગીમાં ફલન બાદ નિર્માણ પામતી આદિ રચના.

પ્રશ્ન. ૧૪૯ 'ઓઢું હું કાળો કામળો, દૂજો <u>ડાઘ ન લાગે</u> કોય' આ પદમાં રેખાંકિત રૂઢિપ્રયોગ નો સાચો અર્થ તારવો.

A. મેલું થઈ જવું B. કલંક લાગવું C. ઘાબું પડી જવું D. કાળાશ આવી જવી

પ્રશ્ન. ૧૫૦ Red rust of Tea નામનો રોગ ____________ દ્વારા થાય છે.

A. ટી એમ વી (TMV) B. સિફેલ્યુરોસ વીરેસેન્સ (Cephaleuros virescens)

C. બેકટેરીયો ફેઝ વાયરસ D. આલ્બુગો